# Std 12 Gujarati Textbook Solutions Chapter 11 વડલો ને પંખીડાં

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. વડલો પંખીઓને શી વિનંતી કરે છે?**

ઉત્તર :

વનરાઈમાં આગ લાગી છે માટે જૂના માળા મૂકી પાંખોવાળાં પંખીઓને ઊડી જવા વિનંતી કરે છે

**પ્રશ્ન 2. વડલાના હૈયામાં શું સમાયેલું છે?**

ઉત્તરઃ

વડલાના હૈયામાં પંખીઓના મીઠાં ટહુકા સમાયેલા છે.

**પ્રશ્ન 3. સંગાથ છોડનારાને માટે કાગ શું કહે છે?**

ઉત્તરઃ

જે મુસીબતને સમયે સાથ છોડે એને કલંક જ લાગે એમ કાગ કહે છે.

**પ્રશ્ન 4. કયો પડદો સંગાથના સંબંધોમાં અવરોધક છે?**

ઉત્તરઃ

મોતનો પડદો સંગાથના સંબંધમાં અવરોધક છે.

**પ્રશ્ન 5. પંખીઓ શું ઈચ્છે છે?**

ઉત્તરઃ

મુસીબતને સમયે સાથ છોડવાને બદલે સાથે જ મોતને ભેટવું એવું પંખીઓ ઈચ્છે છે.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. વનરાઈમાં આગનું દૃશ્ય કેવું છે?**

ઉત્તરઃ

જંગલમાં આગ લાગી છે. આગની જ્વાળાઓ છેક આભ સુધી પહોંચી છે. પવનની દિશામાં આગ આગળ વધી રહી છે. અને તે વડલાથી ઘણી નજીક પહોંચી ગઈ છે. એ જ્વાળાઓ થોડી જ ક્ષણોમાં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વડલાને સ્પર્શી જશે. આમ, આગનું દશ્ય ખૂબ ભયંકર છે. એ થોડા જ સમયમાં આખા જંગલને બાળીને ખાક કરી દેશે.

**પ્રશ્ન 2. પંખીઓ વડને શો જવાબ આપે છે?**

ઉત્તરઃ

વડલાને પંખીઓએ કહ્યું, “તારે આશ્રયે ઈંડાં ઉછેર્યાં, અમે તારા મીઠાં રસદાર ફળો ખાધાં, હવે મરવાનો વારો આવ્યો ત્યારે અમે તમને છોડીને ચાલ્યા જઈએ તો અમે સ્વાર્થી કહેવાઈએ અને અમને વિશ્વાસઘાત કર્યાનું કલંક લાગે.” આમ કહીને પંખીઓએ પોતાના પાલનહાર વડલાએ કરેલા ઉપકારને વ્યક્ત કરીને અંત સુધી સાથ ન છોડવા જણાવે છે.

**પ્રશ્ન 3. ભાવિ અંગેની શી કલ્પના કવિ કરે છે?**

ઉત્તરઃ

જંગલમાં લાગેલી આગમાંથી બચવાનો કોઈ ઉપાય ન દેખાતા વડલો પાંખોવાળા પંખીઓને ઊડી જવા કહે છે. પંખીઓ પર વડલાના અનેક ઉપકાર છે. પંખીઓ આ ઉપકારને કદી ભૂલી શકે એમ નથી.

માટે તેઓ વડલાને પોતાનો આખરી નિર્ણય જણાવે છે; “આ આગમાં આપણે સાથે બળીશું, સાથે મરીશું. સાથે જ જન્મ લઈશું. ફરી તારી ડાળી પર અમે માળા બાંધીશું. પણ, અત્યારે આગની જ્વાળામાં તને બળતા મૂકીને અમે ઊડી નહીં જઈએ. આપણે સાથે જ મોતને ભેટીશું.”

## 3. સવિસ્તર ઉત્તર લખો.

**પ્રશ્ન 1. વડલો પંખીઓને શું કહે છે? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે?**

ઉત્તર :

ચારણ કવિ દુલા ભાયા કાગ રચિત “વડલો ને પંખીડાં’ પદમાં પરસ્પર થતી આપ-લેમાંથી સ્નેહસંબંધ બંધાય છે. આ સ્નેહબંધનની ગાંઠ લાંબા સમયે એટલી મજબૂત થઈ જાય છે કે એકબીજા વિના જીવન અશક્ય લાગે છે.

જંગલમાં આગ લાગી ત્યારે વડલો પંખીઓને જૂના માળા છોડીને ઊડી જવા વિનંતી કરતાં કહે છે કે, “આગની જ્વાળાઓ આકાશ સુધી પહોંચી ગઈ છે. થોડા જ સમયમાં આ તરફ આવી જશે. અને અમને ભરખી જશે. રૂડાં અને રસવાળા ફળની જેમ તમારાં મીઠાં ટહુકા અમારાં હૃદયમાં વસ્યા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કોઈ દિન અમારી રાખ પર આવીને ટહુકી જજો એ જ અમારી ઇચ્છા છે. પ્રેમીપંખીડાં હવે આપણે આ જંગલમાં ફરીથી નહીં મળીએ, આપણી વચ્ચે મોતનો પડદો પડ્યો છે. હવે બચવાનો કોઈ ઉપાય નથી."

પંખીઓ પ્રત્યુત્તર આપતાં કહે છે કે, તારે આશરે અમે માળા બાંધ્યા, ઈંડાં ઉછેર્યાં, તારાં મીઠાં ફળ ખાધાં. મરવાના સમયે જો અમે સાથ છોડી દઈએ તો અમને કલંક જ લાગે. હવે તો આપણે સાથે મરશું, સાથે જન્મ લઈશું અને તારી ડાળી પર અમે ફરીથી માળો બાંધીશું. જો મોત આવશે, તો આપણે સાથે જ ઉચાળા ભરીશું.

આમ, પાંખો હોવાં છતાં પંખીઓ વડલાને ત્યજીને જવાને બદલે તેની સાથે જ મરવાનું પસંદ કરે છે એ જ કાવ્યનું ખરું હાર્દ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in